તાપમાન
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૭ | ૧૮ નવેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# હવે, લોન વધુ સસ્તી બનશે

**બેંકો પાસે જંગી રકમ પહોંચતા લોન ટૂંકમાં જ વધુ સસ્તી કરાશે : બેંકોમાં જંગી રકમ આવ્યા બાદ ટૂંક સમયમાં જ હવે આનો ફાયદો સામાન્ય લોકોને આપવા માટે મોદી સરકારની તૈયારી : થાપણના દરોમાં ઘટાડો શરૂ**



નવી દિલ્હી,તા. ૧૭

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ બેંકોમાં રોકડ રકમનો વરસાદ થઈ રહ્યો છે. ટુંક સમયમાં જ આનો સીધો ફાયદો લોકોને થઈ શકે છે. લોન સસ્તી કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લોકો રોકડ રકમ બેંકમાં જમા કરવા માટે ભાગી રહ્યા છે. બેંકોની પાસે એટલી જંગી રોકડ રકમ જમા થઈ ગઈ છે કે હવે થાપણના રેટમાં કાપ મુકવાની શરૂઆત કરી દેવામાં આવી છે. ત્યારબાદ હવે લોન વધુ સસ્તી થઈ શકે છે. આવી સ્થિતીમાં આવાસ અને અન્ય કિંમતી ચીજ વસ્તુઓ ખરીદવા માટે ઈચ્છુક લોકોને સીધી રાહત થઈ શકે છે. આના કારણે રિઝર્વ બેંકની લાંબા સમયથી ચાલી

રહેલી ફરિયાદ દુર કરવામાં આવે તેવી શક્યતા છે. રીઝર્વ બેંકની વ્યાપક ફરિયાદ રહી છે કે બેંકો તેના દ્વારા કરવામાં આવી રહેલા રેટમાં કાપનો લાભ સામાન્ય લોકોને આપી રહ્યા નથી. જેના કારણે સામાન્ય લોકોને રેટમાં કાપ મુકવામાં આવ્યા બાદ પણ પુરતો લાભ થઈ રહ્યો નથી. કેટલીક જગ્યાએ પર રોકડ રકમ

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી-એનસીઆરમાં ૪.૩ની તિવ્રતાનો ભૂકંપ

નવી દિલ્હી, તા. ૧૭

દેશની રાજધાની દિલ્હી - એનસીઆર સહિત દેશના ૧૪ શહેરોમાં ગુરૂવારે સવારે ૪.૩૦ કલાકે ૪.૪ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્ર દિલ્હી અને હરિયાણાની સરહદ નજીક ૧૦ કિ.મી.એ મળી આવ્યું છે. દિલ્હીથી રાજસ્થાન સુધીના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે, મોડીસાંજ સુધી કોઈ જાનહાનીના અહેવાલ નથી. ગઈકાલે જલંધર જિલ્લામાં પણ ૩.૬ની તિવ્રતાવાળો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

## સરકારના તમામ પગલાઓ અપુરતા સાબિત થઈ રહ્યા છે

**હજુ પણ લોકોને રાહત નહી મળી : એટીએમ અને બેંકો પર લાંબી લાઇન યથાવત**




નવીદિલ્હી,તા. ૧૭

આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં સરકારના પગલા અપુરતા દેખાઈ રહ્યા છે. સપ્તાહથી વધુ સમય થયો હોવા છતાં લોકોની માંગ પૂર્ણ થઈ રહી નથી. લોકોની હાલત કફોડી બની રહી છે. સરકારે વિવિધ રાહતો આપી હોવા છતાં સ્થિતી યથાવત જટિલ બનેલી છે.

આજે સતત નવમાં દિવસે પણ યથાવત સ્થિતી રહી હતી. બેંકો અને એટીએમ પર લાંબી લાઈનો જોવા મળી હતી. સવારમાંજ લોકો બેંકોની બહાર લાઈન લગાવીને ગોઠવાઈ ગયા હતા. આઠમી નવેમ્બરના દિવસે રાત્રે પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો નથી.

# આજથી ૨૦૦૦ રૂપિયાની મર્યાદામાં નોટો બદલાશે

**લગ્ન પ્રસંગવાળા પરિવારને મોટી રાહત : ૨.૫ લાખ ઉપાડી શકાશે : સામાન્ય લોકોને થઈ રહેલી તકલીફોને ધ્યાનમાં લઈને શ્રેણીબદ્ધ નવી રાહતોની જાહેરાત પાક લોન મેળવનારા ખાતાથી સપ્તાહમાં ૨૫ હજાર ઉપાડી શકશે**



નવી દિલ્હી,તા. ૧૭

માર્કેટમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પરત લેવામાં આવ્યાના નિર્ણય બાદથી સામાન્ય લોકોને થઈ રહેલી તકલીફોને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે આજે વધુ કેટલાક પગલાંઓની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે ખેડૂતો ઉપરાંત એવા પરિવારને રાહત મળી ગઈ છે જેમનાં ઘરમાં લગ્ન છે. જોકે પ્રતિબંધ મુકવામાં આવેલી નોટને એક્ષચેન્જ કરવા માટેની મર્યાદા ૪૫૦૦થી ઘટાડીને હવે ૨૦૦૦ કરી દેવામાં આવી છે. એટલે કે આવતીકાલથી ૨૦૦૦ રૂપિયાની જ

● અનુસંધાન પાન-૭ પર



એટીએમની નવી ઓળખ - ઓલ ટાઈમ મનીના ટુંકા નામ એટીએમ તરીકે ઓળખીએ છીએ... પરંતુ નોટબંધી બાદ ૧૧મીથી આજ સુધીમાં એટીએમની ઓળખ સાવ બદલાઈ ગઈ છે... 'આવશે ત્યારે મળશે' એવી ઓળખ બની ચૂકેલ એટીએમ હજારો ગ્રાહકોના નિસાસાનું કેન્દ્ર બને છે... દેશના ૨૨૫૦૦ એટીએમમાંથી ૫૦ ટકાથી વધુ એટીએમ છેલ્લા એક અઠવાડિયાથી ખોટવાયેલા છે... જોકે નાણામંત્રીએ શુક્રવારથી તમામ એટીએમ કાર્યરત બનશે તેવું આશ્વાસન આપ્યું છે... વ્હાલુ લાગતું એટીએમ આજકાલ કેવું તિરસ્કૃત લાગવા લાગ્યું છે...

# નોટબંધી મુદ્દે વિપક્ષોનો હલ્લાબોલ

**કેજરીવાલ અને મમતા બેનર્જી બંને એક મંચ ઉપર નજરે પડ્યા : નોટ પર પ્રતિબંધ મુદ્દે કેજરીવાલ અને મમતાના એકસાથે પ્રહારો : લોકસભા અને રાજ્યસભાની કામગીરી ખોરવાઈ : લોકો નોટ લઈને બજારમાં ફરી રહ્યા છે પણ ચીજો મળી રહી નથી : કેજરીવાલ**

નવી દિલ્હી,તા. ૧૭

નોટ ઉપર પ્રતિબંધના મુદ્દે વિરોધ પક્ષ માર્ગથી લઈને સંસદ સુધી મોદી સરકાર પર પ્રહાર કરવામાં વ્યસ્ત છે. આજે સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો રહ્યો હતો. જેથી કામગીરી ઠપ થઈ હતી. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક જ મંચથી મોદી સરકાર પર પ્રહારો કર્યા હતા. દિલ્હીના આઝાદપુર મંડીમાં આયોજિત રેલીમાં મમતાએ નોટબંધીને લઈને કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કર્યા હતા અને નિર્ણય પરત લેવા માટે ત્રણ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. રેલીમાં કેજરીવાલે કહ્યું હતું કે નોટ લઈને બજારમાં ફરી રહ્યા છે પરંતુ બાળકોને દુધ મળી રહ્યું નથી. દવા મળી રહી નથી.



કાળા નાણાના મુદ્દે તેઓએ અન્ના હજારને નેતૃત્વમાં છેડવામાં આવેલા આંદોલનનો ઉલ્લેખ કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે તેઓ સુગરના મરીજ છે છતાં પણ ભ્રષ્ટાચારની સામે બે વખત અનશન કરી ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સૌરાષ્ટ્ર-કચ્છના માર્કેટ યાર્ડ છેલ્લા અઠવાડિયાથી બંધ

**ઉચ્ચસ્તરીય બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો**

રાજકોટ, તા.૧૭

રૂપિયા અને ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ માર્કેટીંગ યાર્ડની હાલત કફોડી બનેલી છે. નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ પુરતા પ્રમાણમાં નવી નોટ ન પહોંચતા વિકટ પરિસ્થિતિ વચ્ચે હવે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તમામ માર્કેટીંગ યાર્ડ અનિશ્ચિત મુદત માટે બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજકોટ, ગોંડલ, હાપા (જામનગર), જૂનાગઢ સહિતના માર્કેટિંગ યાર્ડમાં ચેક દ્વારા કામકાજ શરૂ કરવામાં આવ્યા રાજકોટ માર્કેટ યાર્ડ હતા. જે ખેડૂત માલ સામે ચેક સ્વીકારવા તૈયાર થાય તેનો માલ વેચાણમાં મુકવામાં આવે છે. ખેડૂતોને ચેકનો વહિવટ હજુ સ્વીકાર્ય નથી અને બીજી તરફ યાર્ડમાં રોકડા વહિવટ માટે નવી નોટોનો જથ્થો ઉપલબ્ધ થયો નથી.

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

On the Occasion of MARRIAGE, Hastashilpi presents pure & probable silk at
હસ્તશિલ્પી
Opening Today
સિલ્કઇન્ડિયા™ 2016
10 Days Only
Exhibition cum sale of pure silk products across the country
Be taught about India's dazzling pure and probable silks of Tassar, Eri, Mulberry & Muga Silk products, showcase purest silk goods by endorsed Silk Retailers, Manufacturers and Exporters of India.
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 18th to 27th Nov. 2016
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો :
બિહાર : ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ,
કર્ણાટક : ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ,
તામિલનાડુ : કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ,
આંધ્ર પ્રદેશ : ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ,
ઉત્તર પ્રદેશ : મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક,
મહારાષ્ટ્ર : ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ,
પંજાબ : પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ,
ઓરિસ્સા : સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન,
છત્તીસગઢ : વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા,
મધ્ય પ્રદેશ : મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ,
પશ્ચિમ બંગાળ : બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી,
આસામ : મુગા અને એરી સિલ્ક સાડીઓ,
જમ્મુ-કાશ્મીર : ચનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ,
રાજસ્થાન : કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી,
ગુજરાત : બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...
Exclusive Wedding Collections
All Credit & Debit Cards Accepted
Contact : +91 - 85534 16929 | +91 - 97560 25995
Organised by : hastashilpi